# બનાસકાંઠા જિલ્લાની થરાદ વિધાનસભામાંથી શંકર ચૌધરી ચૂંટાઈને જશે તો થરાદનું રાહ બનશે તાલુકો



પાલનપુર તા.૨૨

વિધાનસભાની ચૂંટણીઓનો પ્રચાર ધમધમાટ શરૂ થયો છે ત્યારે થરાદ ના રાહ ગામની સભામાં શંકર ચૌધરી દ્વારા કહેવામાં આવ્યું છે કે જો મને અહીંથી ચુટીને મોકલશો તો હું રાહ ગામને તાલુકો બનાવીશ તેવું સભામાં જણાવ્યું હતું ત્યારબાદ તેમના સમર્થકો ખુશ થતાં જીતની હાકલ કરી હતી.

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીના પ્રચારનો ધમધમાટ શરૂ થયો છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના થરાદની સીટ પર શંકરભાઈ ચૌધરી ને ઉમેદવાર જાહેર કર્યા બાદ તેમના સમર્થકોમાં ખુશી જોવા મળી હતી.

બાદમાં ઠેર ઠેર તેઓ ને સમર્થન પણ મળી રહ્યું છે. ત્યારે રાહ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં શંકરભાઈએ જણાવ્યું હતું કે તમારો શંકરભાઈ ચૂંટાઈ ને અહીંથી જાય તો છત્રીસે કુમને એ ભરોસો આપવો છે કે પહેલું કામ આપણું રાહ નવો તાલુકો બનશે.

જોકે આ સાંભળતાં જ સમર્થકોમાં બહુજ ખુશી જોવા મળી રહી હતી.

### બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં ચતુષ્કોણીય ચૂંટણી જંગ

# ૩ પૂર્વ ધારાસભ્યો મેદાનમાં હોવાથી રસાકસીનો માહોલ: મતદારોના અકળ મૌનથી ઉમેદવારો અંદરખાને ચિંતિત

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૨

વિધાનસભાની ચૂંટણીઓનો માહોલ બરાબરનો જામ્યો છે. ચૂંટણી પ્રચાર અર્થે રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો અરવલ્લી જિલ્લામાં ચૂંટણી સભાઓ ગજવી રહ્યા છે ત્યારે આ વખતે બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં ચૂંટણીનો જંગ ચતુષ્કોણીય બની રહેનારો હોવાથી ચૂંટણી પંડીતોની નજર આ બેઠક ઉપર ટેકવાઈ છે. ચૂંટણી જંગમાં ૩ પૂર્વ ધારાસભ્યો મેદાનમાં આમને સામને ઉતર્યા હોવાના કારણે બાયડ વિધાનસભા બેઠક ખાસ્સી ચર્ચામાં છે. જો કે આ વખતે ભાજપ-કોંગ્રેસ-આમઆદમી પાર્ટી તેમજ અપક્ષ ઉમેદવાર વચ્ચે કાંટાની ટક્કર જણાઈ રહી છે પરંતુ મતદારોના અકળ મૌનથી ખુદ ઉમેદવારો અંદરખાને ચિંતિત જોવા મળી રહ્યા છે.

જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીઓનો પ્રચાર ચરમસીમાએ પહોંચ્યો છે. અરવલ્લી જિલ્લાની ૩ બેઠકો કોંગ્રેસ પાસે હોવાથી આ વખતે આ ત્રણેય બેઠકો ઉપર જીત મેળવવા માટે ભાજપાએ એડી ટોચનું જોર લગાવી દીધું છે. જો કે આ વખતના ચૂંટણી જંગમાં આમઆદમી પાર્ટી તરફી જોક ઉભો થયો હોવાના કારણે ચૂંટણી જંગ વધુ કશ્મકશ ભર્યો બની શકે છે. અરવલ્લીમાં રાજકીય પ્રયોગશાળા ગણાતા બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં ૪ તરફી ચૂંટણી જંગ જામવાનો હોવાથી રાજકીય માહોલ વધુ ગરમ જણાઈ રહ્યો છે. ચૂંટણી જંગમાં ૩ પૂર્વ ધારાસભ્યો સાથે આમઆદમી પાર્ટીના ઉમેદવારે પણ નસીબ અજમાવ્યું હોવાના કારણે ચતુષ્કોણીય જંગમાં કોણ બાજી મારશે તે કહેવું હાલ મુશ્કેલ બની રહ્યું છે. મતદારો પણ ખૂલીને કશું બોલવા માટે તૈયાર નથી પરંતુ ચૂંટણી જંગમાં ઉમેદવારોએ તમામ તાકાત કામે લગાડી દીધી છે. ભાજપ-કોંગ્રેસના ચૂંટણી પ્રચાર સાથે આમઆદમી પાર્ટીના ઉમેદવાર ઉપરાંત અપક્ષ ઉમેદવારે મતદારોને રીઝવવા માટે પ્રયત્નો શરૂ કર્યા છે. વિધાનસભાની રસાકસી ભરી ચૂંટણીમાં ભાજપે પૂર્વ ધારાસભ્ય ભીખીબેન પરમાર, કોંગ્રેસે મહેન્દ્રસિંહ વાઘેલાને ટીકીટ આપી છે. જ્યારે પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાને ભાજપે ટીકીટ ન આપતાં બળવો કરીને અપક્ષ ઉમેદવારી નોંધાવતાં તાલુકાના રાજકારણમાં તરંગો શરૂ થઈ ગયા છે. જ્યારે આમઆદમી પાર્ટીના ઉમેદવાર તરીકે આ વિસ્તારના ખમતીધર આગેવાન ચૂનીભાઈ પટેલે પણ ઉમેદવારી નોંધાવી છે. જેના કારણે બાયડ વિધાનસભા મતક્ષેત્રના જંગ ઉપર સૌ કોઈની નજર ટેકવાઈ છે.

# વિધાનસભાની ચૂંટણી જંગના મેદાનમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ

### નાસકાંઠાના થરાદ અને ડીસામાં જંગી જાહેર સભા અને સંબોધન કર્યુ: કોંગ્રેસ કા મોઢે કહે છે કે કામ બોલે છે? અમિત શાહ : જિલ્લાની નવે નવ બેઠકો ઉપર કમળ ખીલવવા પ્રજાને અપીલ



પાલનપુર તા,૨૨

રાજ્યના સરહદી જિલ્લા બનાસકાંઠામાં આજે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ એ વિધાનસભાની ચૂંટણીનું રણશિંગું ફૂંકતા આક્રમક શૈલીમાં જણાવેલ કે કોંગ્રેસ કયા મોઢે કહે છે અમારું કામ બોલે છે? ૧૯૯૦થી રાજ્યમાં ભાજપની સરકારનું કામ લોકો જોઈ રહ્યા છે. કેન્દ્રમાં પણ ભાજપ અને ગુજરાતમાં પણ ભાજપ ડબલ એન્જિનની સરકાર બમણા વેગથી વિકાસના કાર્ય કરી રહી છે.

થરાદ ખાતે લાંબા સમયથી જોશીલી વાણીના જાણીતા એવા અમિત શાહને સાંભળવા હજારોની જનમેદની ઉમટી પડી હતી. અંદાજે બે કલાક લેટ આવેલા અમિત શાહને લોકોએ ભવ્ય સ્વાગત કરી થરાદના ઉમેદવાર શંકર ચૌધરી સહિત જિલ્લાની નવે ૯ બેઠકો ઉપર ભાજપને વિજય બનાવવા બે હાથ ઊંચા કરી કેન્દ્રીય મંત્રી અમિત શાહને ખાતરી આપી હતી.

ડીસા વિધાનસભાના ભાજપના ઉમેદવાર પ્રવીણ માળીને જંગી બહુમતીથી વિજય બનાવવા હવાઈ પિલર ખાતે આયોજિત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ની સભા માં હજારોની જનમેદની સમય કરતા બે કલાકથી વધુ લેટ આવેલા અમિત શાહને ભારત માતાકી જયના જયઘોષ સાથે અભિવાદન કર્યુ હતું.

ઉત્તર ગુજરાતમાં ગત વિધાનસભામાં કોંગ્રેસનો ભારે દબદબો રહ્યો હતો. ૨૦૨૨ ની ચૂંટણીમાં કોંગ્રેસનો કચ્ચરઘાણ બોલાવવા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમિત શાહ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ની પ્રચાર આગામી દિવસોમાં ધડબડાટી બોલાવશે.

આગામી તારીખ ૨૪ મી એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પાલનપુર ખાતે જન વિશ્વાસ સભા માં જિલ્લાની જનતાને તમામ વિધાનસભાઓમાં કમળ ખીલવી જંગી મતદાન કરી ભાજપા ને ભવ્ય વિજય અપાવવા આહવાન કરાશે.

# મોડાસા : સાંઈ મંદિર નજીક બેકાબુ કારે બાઈક સવાર દંપતીને અડફેટે લેતા દંપતી હવામાં ફંગોળાયું,ઈજાગ્રસ્ત દંપતિ સારવાર હેઠળ



મોડાસા,તા. ૨૨

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરના માલપુર રોડ પર ટ્રાફીકના નિયમનો ઉલાળીયો કરી વાહનચાલકો વાહન હંકારી નાના-મોટા અકસ્માત સર્જી રહ્યા છે મોડાસાના સાંઈ મંદિર નજીક બાઈક સવાર દંપતીની બાઈકને ફુલસ્પીડે પસાર થતી કારે ધડાકાભેર ટક્કર મારતા બાઈક સવાર દંપતી રોડ પર પટકાતા ઈજાગ્રસ્ત થતા અકસ્માતના સ્થળે દોડી આવેલા લોકોએ ૧૦૮ ઈમરજંસી એમ્બ્યુલન્સ મારફતે દવાખાને ખસેડાયા હતા અકસ્માતની ઘટનાના પગલે પોલીસ સ્થળ પર દોડી આવી રોડ પરથી લોકોના ટોળાને હટાવી ટ્રાફિક પુર્વરત કરાયો હતો . પ્રાપ્ત માહિતી અનુસાર, મોડાસામાં રહેતા હસમુખ ભાઈ ભાવસાર તેમની પત્ની સાથે બાઈક લઈ સાંઈ મંદિરે દર્શન કરી ઘર તરફ પરત ફરતા સાંઈ મંદિર સામે બેફામ ગતિએ પસાર થતા કાર ચાલકે દંપતીની કારને ધડાકાભેર ટકકર મારતા દંપતી હવામાં ફંગોળાઈ રોડ પર પટકાતા ઈજાગ્રસ્ત બન્યું હતું અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઉમટતા કાર ચાલક કાર સ્થળ પર મૂકી રફુચક્કર થઈ ગયો હતો અકસ્માતમાં લોહી લુહાણ દંપતીને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ માટે સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા મોડાસા ટાઉન પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી જો કે આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી ટાઉન પોલીસ સ્ટેશનમાં અકસ્માતનો ગુન્હો નોંધાયો ન હોવાનું ફરજ પરના પીએસઓએ જણાવ્યું હતું.

### ડાપ્રધાન નરેન્દ્ર મોદી પાલનપુરમાં ચૂંટણી સભા ગજવશે

# ૨૪ નવેમ્બર વડાપ્રધાન પાલનપુરમાં ભાજપનો ચૂંટણી પ્રચાર કરશે

પાલનપુર તા.૨૨

બનાસકાંઠા જિલ્લાની નવ વિધાનસભા બેઠક પર ભાજપ- કોંગ્રેસનો ચૂંટણી પ્રચાર પ્રસાર પુરજોશમાં ચાલી રહ્યો છે જેમા ભાજપમા વડાપ્રધાન સહિતના સ્ટાર પ્રચારકો ઠેરઠેર સભાઓ ગજવી રહ્યા હોય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ આગામી ૨૪ નવેમ્બર ના રોજ સભા ગજવનાર હોઈ તેમના આગમનને લઈ જિલ્લા ભાજપ દ્વારા તૈયારીઓ આરંભી દેવાઈ છે.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી છેલ્લા બે માસમાં ત્રીજી વાર બનાસકાંઠામાં પધારનાર છે .અગાઉ અંબાજી અને થરાદ માં કરોડો રૂપિયાના વિકાસ કામોના ખાત મહુર્તમાં પધારેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિધાનસભા ની ચૂંટણીને લઈ ભાજપના ચૂંટણી પ્રચાર માટે આગામી તા.૨૪ નવેમ્બરના રોજ પાલનપુરના મહેમાન બનશે જેમાં સવારે ૧૦:૩૦ કલાકે રામપુરા ખાતે જાહેર સભાનું સંબોધન કરવાના હોય વડાપ્રધાનના ચૂંટણીલક્ષી પ્રવાસને લઈ ભાજપ દ્વારા તેમને સત્કારવા સહિત ની ભવ્ય તૈયારીઓ આરંભી દેવાઈ છે.

# બનાસકાંઠા ચૂંટણી ચિત્ર સ્પષ્ટ : નવ બેઠક પર ૭૫ ઉમેદવાર વચ્ચે જંગ ખેલાશે

### સૌથી વધુ થરાદ બેઠક પર ૧૪ દાંતા બેઠક પર ૪ ઉમેદવારો રહ્યા

પાલનપુર તા. ૨૨

બનાસકાંઠાની નવ વિધાનસભા બેઠકની ચૂંટણીમાં ઉમેદવારી પત્ર પરત ખેંચવાના છેલ્લા દિવસે ૩૦ અપક્ષ ઉમેદવારો એ પોતાના ઉમેદવારી ફોર્મ પરત ખેંચતા ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થયુ છે. હવે આ નવ બેઠક પર ૭૫ ઉમેદવાર વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે.જોકે આ ચૂંટણી જંગમાં થરાદ બેઠક પર સૌથી વધુ ૧૪ અને દાંતા બેઠક પર સૌથી ઓછા ૪ ઉમેદવાર વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે. બનાસકાંઠા જિલ્લાની પાલનપુર,વડગામ,દાંતા, ડીસા,ધાનેરા,વાવ, થરાદ,દિયોદર અને કાંકરેજ બેઠક પર વિધાનસભાની ચૂંટણી માં ભાજપ,કોંગ્રેસ, આમ આદમી પાર્ટી સહિત વિવિધ પક્ષ અને અપક્ષો થઈ કુલ.૧૯૩ ઉમેદવારી પત્રો ભરાયા હતા. જેમાં અગાઉ ફોમ ચકાસણીમા અધૂરી વિગતો વાળા ૮૮ ઉમેદવારી ફોર્મ રદ કરવામાં આવ્યા હતા.તેમજ ૧૦૫ ઉમેદવારી પત્રો માન્ય રહ્યા હતા. જે બાદ સોમવારે ઉમેદવારી પત્રો પરત ખેંચવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી.જેમાં વાવ બેઠક પર એક, થરાદ બેઠક પર ચાર,ધાનેરા બેઠક પર છ, દાંતા બેઠક પર એક,વડગામ બેઠક પર એક પાલનપુર બેઠક પર પાંચ,ડીસા બેઠક પટ ચાર,દિયોદર બેઠક પર છે. અને કાંકરેજ બેઠક પર બે મળી નવ બેઠકો પર ૩૦ ઉમેદવારોએ ભાજપ કોંગ્રેસના સમર્થનમાં તેમજ સ્વેચ્છાએ પોતાની ઉમેદવારી પરત ખેંચતા જિલ્લાનું ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થયુ હતુ.જેથી નવ બેઠક પર ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને અપક્ષ ૭૫ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે.

# ગાંભોઈ પંથકમાં કિસાન સૂર્યોદય યોજનાથી વંચિત ખેડૂતોને લાભ આપવા માંગ...

ગાંભોઈ, તા.૨૨

હિંમતનગર તાલુકાના ગાંભોઈ યુજીવીસીએલ કચેરી હેઠળના ચાંદરણી અને હુંજ-બાંખોર સહિત આસપાસના અન્ય ગ્રામ્ય વિસ્તારમાં કિસાન સૂર્યોદય યોજના થકી કૃષિ વીજ કનેક્શન ક્ષેત્રે દિવસે વીજળી આપવાના લાભથી ખેડૂતો વંચિત રહેતા ખેડૂતોમાં ઉગ્ર રોષની લાગણી જોવા મળી છે. આ અંગે હુંજ ગામના ડેપ્યુટી સરપંચ દશરથસિંહ ચૌહાણ અને ખેડૂત અગ્રણી હરિભાઈ પટેલ જણાવે છે કે ગાંભોઈ યુજીવીસીએલ હેઠળ કિસાન સૂર્યોદય યોજનાની શરૂઆતના સમયે ૭૦ટકા જેટલા ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતોના કૃષિ વિષયક વીજ કનેક્શનોને આવરી લેતા હાલ દિવસે વીજળી મળી રહી છે પરંતુ આ યોજનાના આરંભ સમયે વંચિત રહેલા ચાંદરણી અને ગાંભોઈ ગ્રામ્ય વિસ્તારના હુંજ-બાંખોર સહિત ૩૦ટકા ગામડાના ખેડૂતો આ કિસાન સૂર્યોદય યોજનાના લાભથી વંચિત રહ્યા છે. જેના કારણે ખેડૂતોને શિયાળાની ઠંડીમાં અને હિંસક પ્રાણીઓના ભયના ઓથાળ વચ્ચે ખેતી પાકની સિંચાઈ માટે રાત્રે અંધારામાં ખેતરોના બોરકુવા પર જઈ પાકના પિયત માટે રાત્રિના ઉજાગરા કરવા પડે છે. ગાંભોઈની ઉત્તર દિશાએ અરવલ્લી ગિરિમાળાના ડુંગર અને જંગલો હોઈ રાત્રે ખેતરોના વગડામાં ખેડૂતોને હિંસક પ્રાણીઓનો કાયમી ભય રહેતો હોય છે ત્યારે ગાંભોઈ યુજીવીસીએલ હેઠળના બાકી રહેતા ગામડામાં કિસાન સૂર્યોદય યોજનાનો લાભ તાકીદે આપવા અંગે વીજ તંત્ર દ્વારા પગલાં ભરવામાં આવે એવી ખેડૂવર્ગમાં ઉગ્ર માંગ ઊભી થવા પામી છે.

# મેઘરજમાં પીસી બરંડાના પ્રચારમાં સાંસદ રવી કિશનનો હુંકાર ૧૫૦ સીટ પર ભાજપ વિજયી બનશે




મોડાસા,તા. ૨૨

ગુજરાત વિધાનસભા-૨૦૨૨ ની ચૂંટણીમાં હવે આંગળીના વેઢે ગણી શકીએ તેટલા દિવસ બાકી છે. ત્યારે ભાજપ,કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના નેતાઓ એડી ચોટીનું જોર લગાવી ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. હાલ વિધાનસભા ચૂંટણીનો ધમધમાટ ચાલી રહ્યો છે, ત્યારે રાજકીય પાર્ટીઓ દ્વારા ચૂંટણી સભાઓ પણ ચાલી રહી છે. ત્યારે બીજા ચરણમાં યોજાનાર મતદાનની ભિલોડા બેઠકના મેઘરજ ખાતે ગોરખપુરના સાંસદ અને ફિલ્મ અભિનેતા રવિ કિશન દ્વારા ભાજપ ઉમેદવાર પી.સી.બરંડા માટે ચૂંટણી સભા યોજાઈ હતી.૧૫૦ સીટો સાથે ગુજરાતમાં ભાજપ સત્તા મેળવશેઃ રવિ કિશન મેઘરજ ખાતે ૩૦ભિલોડા વિધાનસભા બેઠક માટે ભાજપ ઉમેદવાર પી.સી.બરંડાના ચૂંટણી પ્રચાર અર્થે ઉત્તરપ્રદેશના ગોરખપુર સાંસદ તેમજ ફિલ્મ અભિનેતાએ મેઘરજ ખાતે ચૂંટણી સભા યોજી હતી. આ સભામાં તેઓએ જણાવ્યું હતું કે, આ ચૂંટણીમાં ભાજપ ૧૫૦ બેઠકો સાથે સત્તા પર આવશે. આપ પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, ગુજરાતની જનતા મફતમાં લેવા વાળી નથી, મફતની વાતો ફોગટની છે. જો બધું મફત હોય તો આપના દિલ્હીના કાર્યાલયમાં પાર્ટીના જ કાર્યકરો ને કેમ માર્યા? કોંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું કે, રાહુલ ગાંધીને મોદી પ્રિય છે. આ વખતે રસ્તા પર યાત્રા કાઢી એટલે એમણે પણ આ દેશનો વિકાસ જોયો છે. એટલે ગુજરાતની આ ચૂંટણીમાં ૨૦૨૪ની મોદીની ચૂંટણી હોય એમ લોકો મતદાન કરશે અને ૧૫૦સીટોસાથે ગુજરાતમાં ભાજપ સત્તા મેળવશે

### છેલ્લા બે દિવસમાં ત્રણ શાળાના તાળા તૂટયા

# પ્રાંતિજ તાલુકામા તસ્કર ટોળકીનો તરખાટ: પ્રાંતિજ પોલીસ ઊગતી ઝડપાઈ

### પીલુદ્રા બાદ મોયદ, ઓરાણ ખાતે આવેલ પ્રાથમિક શાળાના તાંળા તૂટયા : એક પછી એક પ્રાથમિક શાળાના તાળા ટૂટી રહ્યા છે : મોયદમાંથી ૬૦૧૦ તો ઓરાણમાંથી ૪૭૮૦ની ચોરી : તસ્કરો મધ્યાહન વિભાગ માંથી ગેસની બોટલો તેલના ડબા તથા ખાદ્ય ખોરાક સર સામાન ચોરી જાય છે

પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકામાં તસ્કરોએ તરખાટ મચાવ્યો છે અને છેલ્લા બે દિવસ માં ત્રણ શાળાઓના તાળા તોડી મધ્યાહન ભોજન વિભાગ માંથી સર સામાન ની ચોરી કરી લઈ જાય છે ત્યારે પ્રાંતિજ પોલીસ ઉગતી હોય તેવુ સ્પષ્ટ પણે જણાઈ આવે છે. પ્રાંતિજ તાલુકાના પીલુદ્રા પ્રાથમિક શાળા બાદ પ્રાંતિજ ના મોયદ નાથાજી ગામે આવેલ બ.કુ.ચૌહાણ પ્રાથમિક શાળાના માં આવેલ મધ્યાહન ભોજન નું તાળુતોડી અજાણ્યા તસ્કરો મધ્યાહન ભોજન વિભાગ મા પ્રવેશ કરી સરસામાન વેરવિખેર કરી મધ્યાહન ભોજન રૂમમાં રહેલ તેલનો ડબો નંગ-૧ જેની કિંમત રૂ. ૨૪૦૦ તથા ભારત ગેસ ની ખાલી બોટલ જેની કિ.રૂ-૧૦૦૦ તથા ભરેલ ત્રીજા ભાગ ની બોટલ જેની કિં. રૂ ૧૩૬૦ તથા એક તુવેર દાળની બેગ જેની કિંમત ૧૨૫૦ મળી કુલ-૬૦૧૦ ની મત્તાની સરસામાન ચોરી કરી તસ્કરો પલાયન થતા શાળા ના





આચાર્ય આશિષ કુમાર ભાનુપ્રસાદ રાવલ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી હતી તો પ્રાંતિજ તાલુકાના ઓરાણ ખાતે આવેલ ઓરાણ પ્રાથમિક શાળા નં-૨ શાળા મા પણ રાત્રીના સમયે અજાણ્યા તસ્કરોએ શાળાનો મુખ્ય દરવાજા નું તાળુ તોડી શાળા માં આવેલ મધ્યાહન ભોજન વિભાગ નુ તાળુ તોડી અંદર પ્રવેશ કરી સરસામાન વેરવિખેર કરી તેલ નો ડબો એક નંગ જેની કિં.રૂ ૨૪૨૦ તથા ભારત ગેસની ખાલી બોટલ કિંમત.રૂ ૧૦૦૦ તથા ગેસ ની બોટલ ત્રીજા ભાગ ની ભરેલ જેની કિં.રૂ ૧૩૬૦ મળી કુલ ૪૭૮૦ ની મત્તા ની ચોરી કરી લઈ જતા શાળાના આચાર્ય મીરાંબેન મંજીભાઈ નિનામા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી હતી તો પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ અજાવ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનોનોંધી આગળની તપાસ હાથધરી હતી ત્યારે પ્રાંતિજ તાલુકામા આવેલ એક પછી એક પ્રાથમિક શાળાઓના તાળા તૂટતા ગ્રામજનો સહિત અન્ય શાળાઓ મા ભંય નો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે હાલતો એક પછી એક શાળાઓના તાળા તુટતા પ્રાંતિજ પોલીસ ઊગતી ઝડપાઈ છે અને ગ્રામજનો દ્વારા રાત્રીનો પોલીસ પેટ્રોલિંગ સઘન બનાવવા સહિત ની માંગ પણ ઉઠવા પામી છે.

### બુટલેગરોનો સતત પ્રયત્ન નિષ્ફળ

# અરવલ્લી જિલ્લા પોલીસે ત્રણ વાહનોમાંથી ૩.૬૯ લાખનો દારૂ ઝડપ્યો, બે બુટલેગરોને દબોચ્યા





મોડાસા,તા. ૨૨

ગુજરાતની વિધાનસભાની ચૂંટણી બુટલેગરો માટે દિવાળી સાબિત થઈ રહી છે. કારણે ઠેર-ઠેર દારૂના ભાવ ત્રણ ગણા થઈ ગયા છે. બુટલેગરો પોતાના રિસ્ક પર દારૂનો ધંધો કરી રહ્યા છે.અરવલ્લી જીલ્લાના અંતરિયાળ માર્ગો પરથી બુટલેગરો વિવિધ વાહનો મારફતે વિદેશી દારૂ ઘુસાડવા મરણીયા બન્યા છે અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર અને ક્રાઈમ બ્રાન્ચ બુટલેગરોની ખેપ નિષ્ફળ બનાવવા સતત દોડાદોડી કરી રહી છે. અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ મેઘરજ પોલીસે આઈ-૨૦ કારમાંથી ૧.૯૧ લાખનો, મોડાસા રૂરલ પોલીસે ટીંટીસર ગામ નજીક સીએનજી રિક્ષામાંથી ૪૦ હજારથી વધુનો અને એલસીબી પોલીસે મેઘરજના લખાપુર ગામ નજીક ટેમ્પો માંથી ૧.૩૮ લાખનો દારૂ ઝડપી લીધો હતો બે બુટલેગરોને જેલના સળિયા પાછળ ધકેલી દઈ રૂ.૧૫ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.